સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગના સભ્યની નિમણૂક અંગેની બોલીઓ અને શરતો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2025/2091/A Section

સચિવાલય ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૦૪/૦૯/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:- **SJED/CFO/e-file/17/2025/1932/A Section**

(૨) આ વિભાગનો તા.૧૬/૦૯/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:- SJED/MIS/e-file/17/2025/2091/A Section

પ્રસ્તાવના:

વંચાણે લીધા ક્રમ (૧) આગળના ઠરાવથી નામ. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશશ્રી બી. એન. કારીઆના અધ્યક્ષસ્થાને "સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે સમર્પિત આયોગ"ની પુન: રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમ (૨) આગળના ઠરાવથી સમર્પિત આયોગમાં શ્રી કે. એસ. પ્રજાપતિ, નિવૃત્ત સંયુક્ત સચિવને સભ્ય તરીકે નિમણૂક આપવામાં આવેલ છે. આમ, સભ્યશ્રી કે. એસ. પ્રજાપતિ, નિવૃત્ત સંયુક્ત સચિવની નિમણૂક અંગેની બોલીઓ અને શરતો નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે પુન: રચિત સમર્પિત આયોગના સભ્યશ્રી કે. એસ. પ્રજાપતિ, નિવૃત્ત સંયુક્ત સચિવની નિમણૂક અંગેની બોલીઓ અને શરતો નીચે પ્રમાણે રહેશે:

1) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગો માટેની બેઠકો નક્કી કરવા માટે પુન: રચના કરવામાં આવેલ સમર્પિત આયોગના સભ્યશ્રી કે. એ. પ્રજાપતિ, નિવૃત્ત સંયુક્ત સચિવને પ્રતિ બેઠક દીઠ રૂ.3000/- મુજબ અને માસિક રૂ.૭૦,૦૦૦/- ની મર્યાદામાં માનદવેતન મળવાપાત્ર થશે. આ માનદવેતન પર અન્ય કોઈ પ્રકારનાં ભથ્થાં મળવાપાત્ર રહેશે નહિં. તેમજ જરૂરિયાત મુજબ પ્રવાસ માટે વર્ગ-૧ ના અધિકારીને લાગુ પડતું મુસાફરી ભથ્થું મળવાપાત્ર રહેશે.
2) સમર્પિત આયોગના સભ્યશ્રીની નિમણૂકની મુદત રાજ્ય સરકાર ઈચ્છે ત્યાં સુધી રહેશે.

3) સભ્યશ્રીએ આયોગની કાર્યરીતિ અને તેમાં લેવાયેલ નિર્ણયોમાં ગુપ્તતા જાળવવાની રહેશે.

4) સમર્પિત આયોગના અધ્યક્ષશ્રીની પરવાનગી વગર સભ્યશ્રી સળંગ ત્રણ કે તેથી વધુ બેઠકમાં ગેરહાજર રહેશે તો તેમની સભ્ય તરીકેની નિમણૂક રદ્દ થવાને પાત્ર રહેશે.

5) સભ્યશ્રી જો હોદ્દા ઉપર ચાલુ રહેવા ન માંગતા હોય તો તેઓએ એક મહિનાની નોટિસ આપવાની રહેશે અને આવી નોટિસ મળ્યેથી રાજ્ય સરકાર દ્વારા તેને મંજૂર કરે ત્યારથી તેમનું રાજીનામું અમલી બનશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**e-Sd/-**

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નામ. હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશશ્રી બી. એન. કારીઆ, એ-૨ વીંગ, છઠ્ઠો માળ, બ્લોક નંબર:-૧, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, સમર્પિત આયોગ, એ-૨ વીંગ, છઠ્ઠો માળ, બ્લોક નંબર:-૧, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- શ્રી કે. એસ. પ્રજાપતિ, નિવૃત્ત સંયુક્ત સચિવ, એ-૨ વીંગ, છઠ્ઠો માળ, બ્લોક નંબર:-૧, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by : Kalpanaben V Rana
Under Secretary
Social justice and
Empowerment Department
Date : 2026.01.15 17:26:52 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign